**પાલેજ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૧૯૯૦૩૯૨૫૦૨૮૭/૨૦૨૫ આંક–૧૩ની વિ.એ.પી.પી.સુ.શ્રી તરફે અન્ય એજન્સી મારફતે વધુ તપાસ કરવાની માંગણી કરતી અરજી નીચે હુકમ**

**૧.** વિ.એ.પી.પી.સુ.શ્રી તથા આરોપીના વિ.વકીલશ્રીને સાંભળ્યા, વિ.એ.પી.પી.સુ.શ્રી તેમની રજુઆતમાં જણાવે છે કે, પોતે ઉપરોકત આંક–૧૩ ની અરજી આપેલ છે અને ભોગબનનારના ગર્ભમાં રહેલ ભૃણ જે ડોકટરે એફ.એસ.એલ.ને મોકલેલ તેમાં એફ.એસ.એલ ઓપીનીયન આપી શકે તેમ નથી તેમ જણાવેલ અને ભૃણના નમુનાને નોર્મલ સલાઇવામાં પ્રીઝર્વ કરવાનો હોય છે પરંતુ એફ.એસ.એલ.ને જે ભૃણનો નમુનો મળેલ તે ફોર્મેલીનમાં પ્રીઝર્વ કરેલ જેથી એફ.એસ.એલ. ઓપીનીયન આપી શકેલ નહીં જેથી ડી.એન.એ. મળી શકેલ નહીં અને વિ.એ.પી.પી.સુ.શ્રી વધુ માં જણાવે છે કે અન્ય વિ.એ.પી.પી.શ્રી પિયુષ રાજપુત ધ્વારા નમુનાની ફર્ધર તપાસ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે પણ કરવાનો શેરો કરેલ છે અને ભોગબનનારને જે પ્રેગેનેન્સી ટર્મીનેટ થયેલ તેના ભૃણમાં ખરેખર કયું પ્રિઝર્વેશન ઉમેરેલ અને કોની ભુલ છે તે સ્પષ્ટ તપાસમાં જણાઇ આવતું નથી અને તપાસ કરનાર અધિકારીએ વધુ તપાસ કરેલ છે પરંતુ વધુ તપાસ યોગ્ય રીતે કરેલ નથી અને સીવીલ હોસ્પીટલના ડોકટર ભૃણમાં પ્રિઝર્વેશન તરીકે નોર્મલ સલાઇન નર્સને ઉમેરવાનું કહેલ અને નોર્મલ સલાઇન ઉમેરેલ છે તેવું કહે છે અને એફ.એસ.એલ.ના ચકાસણી કરનાર અધિકારી ભૃણના નમુના જે સીલબંધ મળેલ તેમાં ફોર્મેલીનમાં પ્રિઝર્વ કરેલ છે અને નોર્મલ સલાઇનમાં પ્રિઝર્વ કરવાનું હોય છે અને ફોર્મેલીનમાં જ પ્રિઝર્વ છે તેવું જણાવેલ છે અને પોલીસ જણાવે છે કે, ડોકટર પાસેથી સીલબંધ નમુના પોલીસને મળેલ અને પોલીસે તે નમુના એફ.એસ.એલ.ને આપી દીધેલ છે તો જો સીવીલ હોસ્પીટલના ડોકટર એમ કહેતા હોય કે ભૃણનો નમુનો નોર્મલ સલાઇનમાં પ્રિઝર્વ કરીને સીલબંધ કરીને એફ.એસ.એલ.ને મોકલવા પોલીસને આપેલ છે અને પોલીસ તે સીલબંધ નમુના એફ.એસ.એલ.ને મોકલ્યાનું જણાવે છે તો એફ.એસ.એલ.માં ભૃણના નમુના સીલબંધ પહોંચ્યા તેમાં ફોર્મેલીન કયાંથી આવી જાય? અને જો ડોકટર નોર્મલ સલાઇન માં પ્રિઝર્વ કર્યાનું કહેતા હોય તો ભૃણના નમુનામાં નોર્મલ સલાઇનના તત્વો મળવા જોઇએ પરંતુ

એફ.એસ.એલ.ને ભૃણના નમુનામાં નોર્મલ સલાઇનનું પ્રિઝર્વેશન જણાતું નથી અને જો ડોકટરે નોર્મલ સલાઇન ભૃણના નમુનામાં ઉમેરેલ હોય તો એફ.એસ.એલ.માં જે નમુનો પહોંચ્યો તે નમુનામાં ફોર્મેલીન કયાંથી આવી ગયું? અને જો ડોકટર અને ડી.એન.એ.પ્રોફાઇલીંગ કરનાર બંને અધિકારીઓ સાચા હોય તો નમુનો બદલાઇ ગયો છે કે કેમ? તે પણ પ્રશ્ન ઉભો થાય આ તમામ હકીકતે તપાસ કરનાર અધિકારીએ સ્પષ્ટ કોઇ વધુ તપાસ કરેલ નથી જેથી અન્ય એજન્સી મારફત તપાસ કરાવવી જોઇએ અને આ એક કેસ નથી આવો અન્ય પોકસો કેસ નં. ૦૬/૨૦૨૬માં પણ બનેલ છે અને જેમાં પણ પોતાના તરફે વધુ તપાસની આજ રીતે અરજી આપેલ છે અને તે પણ આજે જ હોવાનું વિ.એ.પી.પી.સુ.શ્રી. રજુઆત કરે છે અને વધુમાં જણાવે છે કે, જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ની કલમ નીચેનો પણ ગુનો છે અને આ કામે બી.એન.એસ.ની કલમ– ૧૩૭(૨), ૮૭, ૭૮(૧)(૧), ૬૪(૨)(એમ), ૬૪(૨)(આઇ), ૬૫(૧), ૬૩(સી) ના ભંગ બદલ ૬૪(૧),૭૫(૧)(એ)ના ભંગ બદલ ૭૫(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩ (એ)(સી)ના ભંગ બદલ કલમ–૪(૨), ૫(એલ),૫(જે)(૨)ના ભંગ બદલ કલમ–૬(૧), ૭ ના ભંગ બદલ કલમ–૮, ૯(એલ)ના ભંગ બદલ કલમ–૧૦ તથા ૧૧(૪)ના ભંગ બદલ કલમ–૧૨ મુજબનો ગંભીર ગુનો છે અને ભૃણનું ડી.એન.એ. પ્રોફાઇલીંગનો પુરાવો કોઇની ભુલના કારણે કે કોઇની બેદરકારીના કારણે કે કોઇના ઇરાદાપુર્વકના ગુનાહીત કૃત્યના કારણે મળી શકેલ નથી તે બાબતે તપાસ કરનાર અધિકારીએ સ્પષ્ટ અને યોગ્ય તપાસ કરેલ નથી અને ભૃણનું ડી.એન.એ.પ્રોફાઇલીંગ થયેલ હોત તો પ્રોસીકયુશનને તે પુરાવો મદદરૂપ થાય અને તે કોઇની ભુલને કારણે કે કોઇની બેદરકારીના કારણે કે કોઇના ઇરાદાપુર્વકના ગુનાહીત કૃત્યના કારણે તે પુરાવો આ તબકકે નાશ થઇ ગયેલ છે અને આઇ.ઓ.એ આ બાબતે સ્પષ્ટ , યોગ્ય કે ખરી તપાસ કરેલ નથી અને આ કામે ડોકટર, ડી.એન.એ. કરનાર એફ.એસ.એલ.ના અધિકારી તથા પોલીસ સંબંધીત આ તપાસ છે જેથી અન્ય એજન્સી મારફતે આ વધુ તપાસ થાય તે માટે હુકમ કરવા વિ.એ.પી.પી.સુ.શ્રી વિનંતી કરે છે.

**૨.** આરોપી તરફે વિ.વકીલશ્રી વાંધો ન હોવાનું જણાવે છે અને તે બદલ વિ.એ.પી.પી.સુ.શ્રીની આંક–૧૩ ની અરજીમાં શેરો પણ કરેલ છે.

**૩.** ઉપરોકત રજુઆતના અનુસંધાને જોવામાં આવે અને આંક–૧૩ ની વિ.એ.પી.પી.સુ.શ્રીની અરજીમાં તા.૨૨/૦૬/૨૦૨૬ના રોજ પોલીસ અધિક્ષકશ્રી મારફત આઇ.ઓ.ને નોટીસ મોકલવાનો અને મુદત તા.૨૩/૦૬/૨૦૨૬ના ૧૪.૪૫ વાગે સુનવણી માટે હાજર રહેવાનો અને આઇ.ઓ.એ આંક–૧૩ની અરજીના અનુસંધાને જે કાંઇ કહેવું હોય તે બાબતે આઇ.ઓ.એ સ્પષ્ટ સોંગદનામું કરવું અને આઇ.ઓ. આંક–૧૩ ની અરજીની હકીકતથી સંમત છે કે નહીં તે પણ સ્પષ્ટ જણાવવું તે બાબતે હુકમ કરેલ અને હુકમની નકલ તુરત જ પોલીસ અધીક્ષક શ્રીને જાણ કરવા માટે પણ મોકલેલ અને આઇ.ઓ.ની નકલ પોલીસ અધીક્ષકશ્રી મારફત મોકલેલ અને આઇ.ઓ. તરફે આંક–૧૫ થી સોંગદનામું રજુ થયેલ છે અને તે સોંગદનામામાં ભોગબનનારને સવા પાંચ અઠવાડીયાનો ગર્ભ હોવાનું જણાઇ આવેલ અને તેનો ગર્ભપાત કરવામાં આવેલ અને ગર્ભમાં રહેલ ભૃણના ડી.એન.એ. સેમ્પલ મેળવી તે સેમ્પલ તથા આરોપી તથા ભોગબનનારના ડી.એન.એ.સેમ્પલ તથા મેડીકલ તપાસણી દરમ્યાન મેળવવામાં આવેલ અન્ય સેમ્પલો તા.૦૭/૦૩/૨૦૨૬ ના રોજ એફ.એસ.એલ. સુરત ખાતે જમા કરાવવામાં આવેલ અને એફ.એસ.એલ. સર્ટીફીકેટ જે આવેલ તેના નંબર જણાવે છે અને તે વંચાણે લેતા ભોગબનનારના પેટમાં રહેલ ગર્ભનો ગર્ભપાત કરાવી મેળવવામાં આવેલ બાળક(ભૃણ)ના ડી.એન.એ. અંગે ઓપીનીયન આપી શકાયેલ નથી તેવું લખાઇ આવેલ જેથી તે બાબતે નામદાર કોર્ટે વિગતવાર માહિતી મેળવી રીપોર્ટ કરવાનો હુકમ કરેલ અને પોતે ફર્ધર તપાસ માટે પરવાનગી માંગેલ અને વધુ તપાસ કરતા એફ.એસ.એલ. ધ્વારા જવાબ પાઠવવામાં આવેલ કે, ગુનાના કામે પ્રોડકટ ઓફ કોન્સ્પેશન ફોર્મેલીનમાં સંગ્રહીત રાખવામાં આવેલ હતો જેથી ડી.એન.એ. પ્રોફાઇલીંગની પ્રક્રિયા સફળતા પુર્વક પુર્ણ કરી શકાયેલ નથી અને સ્પષ્ટ વૈજ્ઞાનીક અભિપ્રાય આપવો શકય બન્યો નથી તેમજ પ્રયોગશાળાની કોઇ ભુલ જણાતી નથી અને સેમ્પલને યોગ્ય રીતે પ્રિઝર્વ કરવાની જવાબદારી ભોગબનનારની મેડીકલ તપાસ કરનાર ડોકટર શ્રી માનુશી મહેતા, કે.એમ.સી.આર.આઇ(સીવીલ

હોસ્પીટલ) ભરૂચની હોય તેમ છતાં તેઓએ કામગીરી ચોકકસરીતે અને સુવ્યવસ્થીત રીતે નહીં કરી ફરજમાં ઉદાસીનતા દાખવેલ હોય જે અંગેનો પોતે ફર્ધર તપાસના અંતે રીપોર્ટ પાઠવેલ હતો બાદમાં સરકારી વકીલશ્રીએ નામદાર કોર્ટમાં અરજી કરેલ હોય અને ભોગબનનારના બાળકનું ભૃણ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે તપાસ અર્થે મોકલવા જરૂરી હોય જેથી નિષ્પક્ષ રીઝલ્ટ ત્યાંથી આવી શકેલ તેમ હોય જેથી ન્યાયના હિતમાં તપાસ અન્ય એજન્સીને આપવા સારૂ જણાવેલ છે અને સરકારી વકીલશ્રી એ આપેલ અરજીમાં કરેલ રજુઆતો અંગે પોતે સંમત છે તેવું આઇ.ઓ.એ જણાવેલ છે.

**૪.** ઉપરોકત રજુઆત ધ્યાને લીધી અને આ કામનું રેકર્ડ જોવામાં આવે તો, ચાર્જશીટ તા.૨૫/૦૫/૨૦૨૬ના રોજ રજુ થયેલ તેમાં અત્રેની કોર્ટે ચાર્જશીટ નીચે હુકમ કરેલ જેમાં જણાવેલ કે,

''આઈ.ઓ.શ્રી ગેરહાજર છે. એપીપી સુશ્રી એમ એમ મીસ્ત્રી હાજર છે. આ ચાર્જશીટ પો. કો. નટવરભાઇ મગનભાઇ બ નં. ૧૯૧ રજુ કરે છે. ચાર્જશીટ ધ્યાને લીધુ. ચાર્જશીટ સ્પે. પોકસો કેસ નં- ૦૮/૨૦૨૬ થી રજીસ્ટરે લેવું. આરોપીને બી.એન.એસ ની કલમ- ૧૩૭(૨), ૮૭, ૭૮(૧)(૧), ૬૪(૨)(આઇ), ૬૪(૨)(એમ), ૬૫(૧), ૬૩(સી) ના ભંગ બદલ ૬૪(૧), ૭૫(૧)(એ) ના ભંગ બદલ ૭૫(૨) તથા પોકસો એકટ કલમ ૩(એ)(સી) ના ભંગ બદલ ૪(૨), કલમ ૫(એલ)તથા ૫(જે)(૨) ના ભંગ બદલ ૬(૧) તથા કલમ ૭ ના ભંગ બદલ ૮, કલમ -૯(એલ) ના ભંગ બદલ ૧૦ તથા કલમ ૧૧(૪) ના ભંગ બદલ ૧૨ મુજબ નો સમન્સ કરવો. આરોપી જેલમાં હોય જેથી મુદત તા.૨૯/૦૫/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટમાં હાજર રાખવા સંબંધિત જેલને ચાદી કરવી. આ કામે મુદામાલ દિવસ-૦૭ માં રજુ કરવો.

ચાર્જશીટ જોતા તા.૧૨/૦૩/૨૦૨૬ ના એફ. એસ. એલ. ના ડીએનએ રીપોર્ટમાં જણાવેલ છે કે,

**"Results of the Analysis :**

The DNA profiles obtained from Ex.H/2 (Blood) and Ex.L/2(Blood) are preserved in the division for future reference

Note :- Results relate only to the exhibits tested."

તેમજ ચાર્જશીટ જોતા તા.૨૦/૦૩/૨૦૨૬ ના એફ. એસ. એલ. ના ડીએનએ રીપોર્ટમાં જણાવેલ છે કે,

**"Results of the Analysis :**

- No amplifiable DNA was obtained from Ex.M (Product of Conception Case No 26/DNA/230) as it was preserved in formalin. Hence no opinion could be offered on comparison of DNA profiles of Ex.M ( Product of Conception Case No 26/DNA/230) with Ex.H/2 (Blood Case No. 26/DNA/219) and Ex.L/2 (Blood Case No. 26/DNA/219)
- DNA profiles obtained from Ex. H/2 (Blood Case No. 26/DNA/219) and Ex. L/2 (Blood Case No. 26/DNA/219) are preserved in the division for future reference
- Note :- Results relate only to the exhibits tested."

(૧) ઉપરોક્ત ડીએનએ રીપોર્ટ જોતા એફ.એસ.એલ. અધિકારી ઓપીનીયન આપી શકે તેમ નથી તે બાબતે ડીએનએ રીપોર્ટમાં જણાવ્યા મુજબ જણાવે છે અને ડીએનએ પ્રોફાઇલ મેળવેલ છે તે પ્રીઝર્વ રાખ્યાનું જણાવે છે અને વિ એપીપી સુશ્રી એન એમ મીસ્ત્રી જણાવે છે કે, આ ડિએનએ રીપોર્ટમા જે પ્રીઝર્વેશનમાં ફોર્મેલીનનો ઉપયોગ થયાનું ડીએનએ રીપોર્ટમાં આવે છે અને એફ. એસ. એલ. અધિંકારી ઓપીનીયન આપી શકતા નથી. જેથી ફોર્મેલીનનો ઉપયોગ ખોટી રીતે ડોક્ટર દ્વારા કરવામાં આવતો હોય તેવું જણાય છે અને તે રીતે પ્રોસીક્યુશનના કેસ ને ડોક્ટર નુકસાન કરતાં હોય તેવુ પ્રથમ દર્શનીય રીતે કહી શકાય અને હાલમાં

આવો બીજો કેસ આવેલ છે, જેથી સંબંધિત જવાબદાર ડોક્ટર સામે યોગ્ય કાયદેસર કાર્યવાહી થવી જોઇએ. આ વિ એપીપી સુશ્રી એન એમ મીસ્ત્રીની રજૂઆત ધ્યાને લીધી.

(૨) ઉપરોક્ત રજૂઆત તથા ડીએનએ નો રીપોર્ટ જોતા ડીએનએ પ્રોફાઇલ જે પ્રિઝર્વ રાખ્યાનું પણ જણાવેલ છે તે જોતા એફ.એસ.એલ અધિકારી ડીએનએ પ્રોફાઈલીંગ બાબતે પોતાનો સ્પષ્ટ ઓપીનીયન આપી શકે તે બાબતે જો કોઇ નમૂના તેમને નિયત જોગવાઇ મુજબ જરૂર હોય અને તે નિયત જોગવાઇ મુજબ તેને મળી શકે તેમ હોય, તો આઇ ઓ તે રીતે તુરત કાર્યવાહી કરવા ઇચ્છે છે કે કેમ? તે આઇ. ઓ. એ અત્રેની કોર્ટને તા.૨૯/૦૫/૨૦૨૬ ના કલાક ૧૧:૦૦ સુધીમાં લેખિતમાં જણાવવું અને ઉપરોક્ત બાબતે આઇ ઓ લેખિતમાં જણાવતાં પહેલા એફ. એસ. એલ. અધિકારી શ્રી અથવા સંબંધિત નમૂના લેનાર ડોક્ટરશ્રી પાસેથી માહિતી મેળવવા ઇચ્છતા હોય તો મેળવી શકે છે.

(૩) ડીએનએ રીપોર્ટ છે તેમાં એફ. એસ. એલ. અધિકારી ઓપીનીયન આપી શકે તેમ નથી તે બાબતે જણાવે છે તો આઇ. ઓ. એ સ્પષ્ટ જણાવવું કે, નમૂના યોગ્ય રીતે ડીએનએ પ્રોફાઇલીંગ માટે મોકલેલ હતાં કે કેમ ? અને જો નમૂના યોગ્ય રીતે મોકલેલ હતાં તો કયા સંજોગોમાં ડીએનએ પ્રોફાઇલીંગ નો સ્પષ્ટ અભિપ્રાય એફ. એસ. એલ. અધિકારી એ આપેલ નથી? અને જો ડીએનએ પ્રોફાઇલીંગના નમૂના યોગ્ય રીતે નિયત જોગવાઇ મૂજબ લેવડાવેલ ન હોય તો તે નમૂના લેવડાવવામાં શું ભૂલ કરવામાં આવેલી છે તેનો આઇ. ઓ. એ રીપોર્ટ કરવો અને આઇ ઓ ને આ રીપોર્ટ કરવા માટે જરૂર હોય તો એફ. એસ. એલ. અધિકારી પાસેથી અને ડિએનએ પ્રોફાઇલીંગ માટે નમૂના મોકલનાર ડોક્ટર પાસેથી પણ માહિતી મેળવી શકશે અને જો આઇ. ઓ. ઇચ્છે તો સિવીલ હોસ્પીટલના સુપ્રિટેન્ડન્ટશ્રી પાસેથી કે ડો. કિરણસિંહ પટેલ

મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, ભરૂચ નીચે ડીએનએ પ્રોફાઈલીંગના નમૂના લેનાર ડોકટર જો આવતાં હોય તો તે હોસ્પીટલના મુખ્ય વડા /તેના મુખ્ય ડોક્ટર/ સુપ્રિટેન્ડન્ટ અથવા ત્યાના ગાયનેક નિષણાંત પ્રોફેસર પાસેથી પણ આઇ. ઓ.માહિતી મેળવી શકે છે અને આઇ. ઓ. એ આ રીપોર્ટ અત્રેની કોર્ટને તા.૨૯/૦૫/૨૦૨૬ ના કલાલ ૧૧:૦૦ સુધી આપવો.

(૪) જો આઇ.ઓ., એફ. એસ. એલ. અધિકારી અથવા સિવીલ હોસ્પીટલના સુપ્રિટેન્ડન્ટશ્રી/ડો. કિરણસિંહ પટેલ મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, ભરૂચના મુખ્ય વડા/ ડીએનએ પ્રોફાઈલીંગના નમૂના લેનાર ડોકટર જેમની નીચે આવતાં હોય તે મુખ્ય ગાયનેક નિષણાંત પ્રોફેસર પાસેથી પણ આઇ. ઓ.માહિતી મેળવી શકે છે અને આઇ ઓ જો માહિતી માંગે તો આઇ ઓ ને તુરત ઉપરોક્ત તમામે માહીતી આપવી. વિ.એપીપીશ્રી એ સંબંધિત જવાબદાર ડોક્ટર સામે યોગ્ય કાયદેસર કાર્યવાહી થવી જોઇએ તેવી માંગણી કરેલ છે તે બાબતે આઇ ઓ નો રીપોર્ટ આવ્યા બાદ સાંભળીને નિર્ણય કરવામાં આવશે.

(૫) ઉપરોક્ત જે હકીકત છે તે જોતા અને વિ એ પીપીસુશ્રીની રજૂઆત જોતા આ રીતે એફ એસ એલ અધિકારી ઓપીનીયન આપી શકેલ નથીતેવો બીજો કેસ આવેલ છે તેમ જણાવે છે. જે જોતા પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના ધ્યાને આવે તે માટે આ હુકમની જાણ તેઓશ્રીને કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ ઉપરોક્ત હુકમ મુજબ સંબંધિત પોલીસ અધિકારી/આઇ. ઓ. મુદત તારીખ સુધીમાં અમલ કરે તે પોલીસ અધિક્ષકશ્રી એ અચૂક જોવું.

(૬) ઉપરોકત ચાર્જશીટ ધ્યાને લીધું, નામદાર ગુજરાત હાઇકોર્ટના સર્ક્યુલર નં.૧૨૫૫/૨૦૨૬, તા. ૨૯/૦૪/૨૦૨૬ ધ્યાને લીધાં, તપાસ કરનાર અધિકારીએ

ભોગબનનારનું સરનામું અને જો ફોન નંબર, મોબાઈલ નંબર અને ઇ–મેઈલ એડ્રેસ ભોગબનનારના હોય તો તુરત જ તા. તા.૨૯/૦૫/૨૦૨૬ કે તે પહેલા અત્રેની કોર્ટમાં રજૂ રાખવા. ભોગબનનારની ઓળખ તેના મારફત ન થાય જેથી ઉપરોક્ત માહિતી તપાસ કરનાર અમલદારએ બંધ કવરમાં રજૂ કરવી.

(૭) ઉપરોક્ત હકીકતે વધુ જોતાં ભોગબનનારના માતા–પિતા અથવા ભોગબનનારના વાલી અથવા ભોગબનનારને જેના ઉપર વિશ્વાસ અને ભરોસો હોય તેના સરનામાં તેમજ જો મોબાઈલ નંબર અને ઇ–મેઈલ એડ્રેસ હોય તો તે પુરાવા નોંધતાં સમયે રજૂ થાય તે જરૂરી છે. પરંતુ તપાસ કરનાર અમલદાર પાસે તેના રેકર્ડમાં ઉપરોક્ત વિગત હોય તો તપાસ કરનાર અમલદારે તે તા. ૨૯/૦૫/૨૦૨૬ કે તે પહેલા રજૂ કરવી. ભોગબનનારની ઓળખ તેના મારફત ન થાય જેથી ઉપરોક્ત માહિતી તપાસ કરનાર અમલદારએ બંધ કવરમાં રજૂ કરવી.

વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટ ક્રિમી.મીસી.એપ્લીકેશન (રેગ્યુલર બેઈલ) નં. ૧/૨૦૨૩, ક્રિમી અપીલ નં. ૧૦/૨૦૨૧ નો તા. ૧ ૦/૦૮/૨૦૨૩ નો તથા ક્રિમી. મીસી. એપ્લીકેશન (ફોર સસ્પેશન ઓફ સ `ન્ટન્સ) નં. ૨/૨૦૨૩ ઈન ક્રિમી.અપીલ નં. ૪૯૮/૨૦૨૦ નો તા. ૧ ૦/૦૮/૨૦૨૩ નો હુકમ ધ્યાને લીધો અને નામ. ગુજરાત હાઈકોર્ટનો પત્ર નં .એ.૨૬૦૭/૨૦૨૩, તા. ૧૧/૦૯/૨૦૨૩ ધ્યાને લીધો. ઉપરોકત નામ ગુજરાત હાઈકોર્ટના હુકમમાં જણાવેલ છે કે,

I. The name of the victim and other details regarding her identity like the name of the parents, address of the victim mentioned in the deposition and any other record of the trial arising out of a criminal case under the Prevention of Children from

Sexual Offences Act, 2012 Act and the offences covered under Section 228A of the Indian Penal Code and all other incidental proceedings, the name of the victim and other details about her identity be be redacted as and when it comes to the notice of the trial court. This procedure is required to be adopted forthwith.

II. The Original copy of the deposition / record revealing the identity of the victim to be placed in a sealed cover and an identical copy with the name redacted of this record be place in the record of the Court. The record which is to be kept in the sealed cover will continue to be in sealed cover along with the record of the trial Court.

III That the mandate of section 33(&) of the POCSO Act and the direction of the Apex Court in the case of Nipun Saxena (Supra) to be scrupulously followed by the trial court તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ નો પત્ર નં. A.2607/2024, dated 24/12/2024 ના પત્રથી ક્રીમીનલ મીસીલીનયસ એપ્લીકેશન (for suspension of sentence) in Cr. Misc. Appl. No. 2290/24 Brijransinh Laxmansinh Jadeja V/s.State of Gujarat નો ચુકાદો અને તે સરક્યુલેટ થયેલ છે. તે ચુકાદાનો સીધ્ધાંત ધ્યાને લીધો.

ઉપરોકત રીતે નામ. ગુજરાત હાઈકોર્ટનો હુકમ હોઈ અને ઉપરોકત કામ જોવામાં આવે અને નામ. હાઈકોર્ટના ઉપરોકત ચૂકાદાનું જે ડાયરેકશન છે તેનું પાલન થાય તે ખૂબ જરૂરી છે. જેથી વિકટીમનું નામ તેમજ માતા–પિતાનું નામ, સરનામાની જે વિગત છે તે કે અન્ય જે વિગત છે તેનાથી ભોગબનનારની ઓળખાણ છતી થઈ જાય તેવી તમામ વિગતો

રીડેકટેડ થાય અને તે અસલ રેકર્ડની આઈડૅન્ડીકલ કોપી રેકર્ડમાં રહે અને ઉપરોકત જણાવેલ વિગત જેમાં હોય તે તમામ રેકર્ડ સીલ કરી કવરમાં રહે તે ન્યાયી છે, જેથી ઉપરોકત કામના તમામ રેકર્ડમાં જે પોલીસનું રેકર્ડ છે તેમાં જે જગ્યાએ વિકટીમનું નામ, તેના માતા–પિતાનું નામ, કુટુબીનું નામ, સરનામું, ફોટો કે જેનાથી વિકટીમની આઈડૅન્ટીટી જાહેર થઈ જાય તેવી હકીકતો આવતી હોય તેવું તમામ રેકર્ડ સીલ કરેલ કવરમાં મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત સીલબંધ કવરમાં જે ડોક્યુમેન્ટો મુકવાના છે તેમા પોલીસના ડોકયુમેન્ટો જે હોય તેમાં ઉપરોકત વિગત જે આવતી હોય તે તમામ ડોકયુમેન્ટોની આઈડૅન્ટીકલ નકલ કે જેમાંથી ઉપરોકત વિગત રીકેકટેડ કરીને તપાસ કરનાર અધિકારી / પોલીસ ઈન્સ્પેકટરશ્રીએ તુરત જ અત્રેની કોર્ટમાં રજુ કરવી અને તે માટે વિ. એ.પી.પી.શ્રીએ પણ તપાસ કરનાર અધિકારીશ્રી/ પોલીસ ઈન્સ્પેકટરશ્રી સંબધીત પોલીસ સ્ટેશનને જાણ કરવી.

આ હુકમની નકલ આઇ. ઓ. એ ડીએનએ પ્રોફાઈલીંગ કરનાર એફ.એસ.એલ. અધિકારીને તથા ડિએનએ પ્રોફાઈલીંગ ના નમૂના લેનાર ડોક્ટરશ્રી, સુપ્રિટેન્ડન્ટશ્રી, સિવીલ હોસ્પીટલ ભરૂચ, ડો. કિરણસિંહ પટેલ મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, ભરૂચના મુખ્ય વડા તથા મુખ્ય ગાયનેક નિષણાંત પ્રોફેસરને તથા એક નકલ એપીપીસુશ્રીને આપવી''.

ઉપરોકત રીતે ચાર્જશીટ નીચે તા.૨૫/૦૫/૨૦૨૬ના રોજ હુકમ કરેલ ત્યારબાદ આઇ.ઓ.એ વધુ તપાસ કરીને તા.૧૨/૦૬/૨૦૨૬ના રોજ રીપોર્ટ કરેલ તેમાં પણ વધુ તપાસ યોગ્ય રીતે થયેલ છે કે કેમ? તે બાબતે સાંભળવા માટે રાખેલ, ત્યારબાદ વિ.એ.પી.પી.સુ.શ્રી તરફે વધુ તપાસમાં ગાંધીનગર એફ.એસ.એલ. મારફતે તપાસણી માટે વિનંતી પણ કરેલ અને આંક–૧૩ થી વિ.એ.પી.પી.સુ.શ્રી એ ઉપરોકત અરજી આપેલ છે તે અરજી તથા રજુઆત

તથા આ કામનું રેકર્ડ ધ્યાને લીધું અને અન્ય પોકસો કેસ નં.૦૬/૨૦૨૬માં પણ ભૃણના નમુના જે એફ.એસ.એલ.ને મોકલેલ તેમાં પણ ફોર્મેલીન આવેલ અને નોર્મલ સલાઇનમાં પ્રિઝર્વ કરવું જોઇએ તેવું જણાવેલ અને તે કેસમાં પણ ડોકટર નોર્મલ સલાઇનમાં પ્રિઝર્વ કર્યાનું જણાવેલ અને નમુનામાં ફોર્મેલીનનું પ્રિઝર્વેશન જણાયેલ અને તે કેસ પણ આજ રોજ જ સાથે છે આ તમામ હકીકત જોતાં અને ઉપરોકત જણાવેલ ગુનાના કેસોમાં જે ઉપરોકત હકીકત રેકર્ડમાં આવેલ છે અને જે રીતે ડોકટર ભૃણના નમુના એફ.એસ.એલ.માં મોકલેલ તેમાં નોર્મલ સલાઇનમાં પ્રિઝર્વ કર્યાનું જણાવે છે જયારે એફ.એસ.એલ. જણાવે છે કે, નમુના ફોર્મેલીનમાં પ્રિઝર્વ કરેલ છે અને પોલીસ કહે છે કે, ડોકટરે સીલબંધ નમુના અને સીલબંધ એફ.એસ.એલ.ને મોકલેલ તો નમુનામાં પ્રિઝર્વેશન બાબતે વિરોધાભાસી હકીકતો તપાસમાં આવેલ છે અને ખરેખર ભૃણના નમુનામાં કયું પ્રિઝર્વેશન હતું અને ભૃણનો નમુનો નોર્મલ સલાઇનમાં પ્રિઝર્વ કર્યો હતો કે ફોર્મેલીનમાં પ્રિઝર્વ કરેલ હતો તે બાબતે પણ આઇ.ઓ. એ કોઇ સ્પષ્ટ તપાસ કરેલ નથી અને ભૃણનો નમુનો આપનાર ડોકટર અને નર્સ એ જો નોર્મલ સલાઇનમાં નમુનો પ્રિઝર્વ કર્યો હોય તો એફ.એસ.એલ.માં ફોર્મેલીન નમુનામાં કઇ રીતે આવે અને જો નમુનો ફોર્મેલીનમાં જ પ્રિઝર્વ હતો તો ડોકટર અને નર્સ ભૃણનો નમુનો નોર્મલ સલાઇનમાં પ્રિઝર્વ કર્યાનું કહે છે તો તે હકીકત ખરી છે કે ખોટી છે તે બાબતે આઇ.ઓ. એ કોઇ સ્પષ્ટ અને યોગ્ય તપાસ કરેલ નથી અને જો ડોકટર, નર્સ અને એફ.એસ.એલ. પોત પોતાની રીતે સાચા હોય તો શું નમુનો બદલાઇ ગયો? તે પણ એક પ્રશ્ન છે અને આ મહત્વની તપાસ સ્પષ્ટ રીતે આઇ.ઓ. ધ્વારા યોગ્ય રીતે કરવામાં આવેલ નથી અને આ જે તપાસ છે તે સંબંધીત ડોકટર, નર્સ, ડી.એન.એ. પ્રોફાઇલીંગ કરનાર એફ.એસ.એલ. અધિકારી તેમજ હોસ્પીટલમાંથી નમુના આપનાર તેમજ નમુનો જેની પાસે રહેલ છે તે તથા નમુનો હોસ્પીટલમાં જેટલા ડોકટરો પાસે રહેલ છે તે તથા નમુનો હોસ્પીટલમાંથી પોલીસ પાસે આવેલ છે અને પોલીસ, જેટલા પોલીસ પાસે કે પોલીસ સ્ટેશન માં રહેલ છે તે તમામ તેમજ નમુનો પોલીસ સ્ટેશનથી એફ.એસ.એલ. સુધી ગયેલ છે અને એફ.એસ.એલ.માં જેણે સ્વીકારેલ છે અને જેની પાસે રહેલ છે અને જેણે પૃથ્થકરણ કરેલ છે તે તમામ આ તપાસને

સંબંધીત જણાય છે અને તેમાં સંબંધીત તમામ પોલીસ અધિકારીઓ પણ આ બાબતે સંબંધીત જણાય છે અને આઇ.ઓ. કે જે પાલેજ પોલીસ સ્ટેશનના જ પોલીસ ઇન્સ્પેકટર છે અને તેઓએ જ તપાસ, વધુ તપાસના રીપોર્ટ રજુ કરેલ છે પરંતુ તપાસ કરનાર અધિકારીએ વધુ તપાસ ઉપરોકત બાબતે યોગ્ય રીતે કર્યાનું જણાતું નથી અને વિ.એ.પી.પી.સુ.શ્રી અન્ય એજન્સીને તપાસ આપવાની માંગણી કરે છે આ માંગણીના અનુસંધાને ઉપરોકત કરેલ ચર્ચા અને રેકર્ડ જોતાં આ કામે વધુ તપાસ ઉપરોકત તમામ હકીકતે ખરી હકીકત રેકર્ડ ઉપર આવે તે માટે આપવી ન્યાયી જણાય છે અને વધુ તપાસની તે રીતે પરવાનગી આપવી ન્યાયી જણાય છે અને આ વધુ તપાસ પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી.સુ.શ્રીએ માંગેલી છે અને આઇ.ઓ. સંમત છે તેવું જણાવે છે અને આ કામે જે વધુ તપાસ કરવાની છે તેની મહત્વતાને પણ સાથે જોવામાં આવે અને આ કામે સાથે પાલેજ પોલીસ એટલે કે ભરૂચ જીલ્લાની પોલીસ પણ તે રીતે તપાસમાં સંબંધીત હોય તે ધ્યાને લેતા અને વિ.એ.પી.પી.સુ.શ્રીએ અન્ય એજન્સી મારફતે જે તપાસ માંગેલ છે તે નીચેનો તા.૨૨/૦૬/૨૦૨૬ના હુકમમાં પોલીસ અધિક્ષકશ્રીને પણ જાણ કરવાનો તે હુકમમાં જણાવ્યા પ્રમાણે હુકમ કરેલ અને તા.૨૩/૦૬/૨૦૨૬ના રોજ ડી.વાય.એસ.પી.શ્રી ડો.અનીલ સીસારા આવેલ અને આ પોકસો કેસ નં. ૦૮/૨૦૨૬ના કામે તેઓએ તથા વિ.એ.પી.પી.સુ.શ્રીએ ઇન્સ્પેકશનની અરજી પણ આપેલ અને મૌખીક રીતે ડી.વાય.એસ.પી.શ્રી ડો. અનીલ સીસારાએ જણાવેલ કે શ્રી એસ.પી.સાહેબે તેમને વધુ તપાસ કરવા માટે હુકમ કરેલ છે અને ત્યારબાદ તેમણે પોકસો કેસ નં.૦૮/૨૦૨૬નું ઇન્સ્પેકશન પણ કરેલ અને ત્યારબાદ જતા રહેલ છે પરંતુ કોઇ પોલીસ અધિક્ષકશ્રીનો પોકસો કેસ નં.૦૮/૨૦૨૬ના કામનો કે પોકસો કેસ નં.૦૬/૨૦૨૬ના કામનો તપાસનો હુકમ આ કામે ડી.વાય.એસ.પી.ડોકટર શ્રી અનીલ સીસારાએ રજુ કરેલ નથી. આ હકીકત તથા ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા આ કામમાં વધુ તપાસ થાય તે ખુબ જ જરૂરી છે અને આ વધુ તપાસ કોઇ પોલીસ અધિક્ષકશ્રી કક્ષાના કોઇ અધિકારી કરે તે પણ ખુબ જ ન્યાયી અને જરૂરી છે અને જે પ્રકારની વધુ તપાસ છે અને જેને સંબંધીત વધુ તપાસ છે તે માટે પોલીસ અધિક્ષકશ્રી કક્ષાના અધિકારી વધુ તપાસ કરે તે ખુબ જ અગત્યનું

અને ન્યાયી છે જેથી પોલીસ અધિક્ષકશ્રી કક્ષાના અધિકારીએ આ કામે ઉપરોકત કરેલ ચર્ચા અને વિ.એ.પી.પી.સુ.શ્રીની રજુઆત છે તે ધ્યાને લઇ વધુ તપાસ કરીને પોતાનો રીપોર્ટ અત્રેની કોર્ટમાં તા.૧૪/૦૭/૨૦૨૬ના કલાક ૧૦.૪૫ સુધીમાં રજુ કરવો અને જે પોલીસ અધિક્ષક શ્રી તપાસ કરનાર અધિકારી હોય તેમણે તા.૧૪/૦૭/૨૦૨૬ના કલાક ૧૦.૪૫ વાગે રેકર્ડ સાથે સુનવણી માટે હાજર રહેવું.

**૬.** આ હુકમની જાણ અત્રેની રેન્જના ઇન્સ્પેકટર જનરલ ઓફ પોલીસને કરવી અને તેમણે તેઓશ્રીને જે યોગ્ય લાગે તે પોલીસ અધિક્ષકશ્રી કક્ષાના અધિકારીને વધુ તપાસની સોંપણી કરવી અને આ કામ યુ.ટી.પી. હોય જેથી મુદતમાં વધુ તપાસ થાય અને રીપોર્ટ રજુ થાય તે પણ જેને વધુ તપાસ સોંપવામાં આવે તેમને જાણ શ્રી ઇન્સ્પેકટર જનરલ ઓફ પોલીસને જાણ કરવી અને કરેલ કાર્યવાહીનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજરોજ તા.૩૦ મી જુન સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

તા.૩૦/૦૬/૨૦૨૬
ભરૂચ

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડી. સેસન્સ અને
સ્પે. પોકસો જજ, ભરૂચ.
(U.I.CODE-GJ00659)